ત્વરિત જાહેરાત માટે

# બ્રૅમ્પટનમાં ઈ-સ્કૂટર પાયલટ પ્રોગ્રામનો પ્રારંભ

***આ પ્રોગ્રામ સક્રિય પરિવહન નેટવર્ક ઊભી કરવામાં અને સમુદાયોને જોડવામાં યોગદાન આપશે***

બ્રૅમ્પટન, ઓન્ટારિયો (06 એપ્રિલ 2023) – ન્યુરોન મોબિલિટી, બર્ડ કેનેડા અને સ્કૂટી મોબિલિટી સાથે ભાગીદારીમાં સિટી ઓફ઼ બ્રૅમ્પટન, બ્રૅમ્પટન ખાતે ઈ-સ્કૂટરના સહુ પ્રથમ પ્રોગ્રામનો પ્રારંભ કરી રહ્યા છે.

આખા સિટી ઓફ઼ બ્રૅમ્પટનમાં 750 જેટલા સ્કૂટરો જાહેર ઉપયોગ માટે ઉપલબ્ધ થશે.

વપરાશકર્તાઓ તાળાબંધ ઈ-સ્કૂટર પાસે જઈને QR કોડ સ્કેન કરી શકશે, એપ ડાઉનલોડ કરીને વિક્રેતાના સૂચનો અનુસરી તેને અનલોક કરીને તે ચલાવી શકશે જેથી રહેવાસીઓ હજું એક ટકાઉ પરિવહન વિકલ્પથી જોડાઈ શકશે. ઈ-સ્કૂટરોનો ઉપયોગ એવા માર્ગો પર થઈ શકશે જ્યાં ગતિ મર્યાદા 50 કિમી/કલાક અથવા તેથી ઓછી હોય, તેનો ઉપયોગ બાઈસિકલ લેનમાં થઈ શકશે અને બહુ-ઉપયોગી રસ્તાઓ પર થઈ શકશે અને ત્યાં 20 કિમી/કલાક સુધીના વેગે દોડી શકશે અને કેટલાક સ્થળો પર જીઓ-ફ઼ેન્સિંગ હોય ત્યાં ગતિ 15 કિમી/કલાક સુધી ઘટી જશે. તેનો ઉપયોગ ફૂટપાથ પર થઈ શકશે નહીં. જો ઈ-સ્કૂટરને કોઈ પૂર્વનિર્ધારિત નો-રાઈડિંગ ઝોનમાં લઈ જવાશે તો વાહન સરળપણે બંધ થઈ જશે અને વપરાશકર્તાને નોટિફ઼િકેશન આવશે કે તેઓએ મંજૂર થયેલ વિસ્તારમાં જવું જોઈએ.

સિટી ઓફ઼ બ્રૅમ્પટન વધુ સંકળાયેલ સમુદાયો બનાવવાના પ્રયાસમાં સક્રિય પરિવહન કાર્યક્રમો અને યોજનાઓને પ્રાધાન્ય આપી રહ્યું છે, જેથી સંપૂર્ણ શેરીઓ સાથે સંકલિત મજબૂત અને સક્રિય પરિવહન નેટવર્ક બની શકે.

જાન્યુઆરી 2021માં પ્રોવિન્સે પાંચ વર્ષીય એલેક્ટ્રિક કિક-સ્કૂટર પાયલટ પ્રોજેક્ટ આરંભ્યો જેથી નગરપાલિકાઓ ઈ-સ્કૂટરો અંગેના નિયમો ઘડી શકે. એક સક્રિય પરિવહનના સ્તંભ તરીકે ઈ-સ્કૂટર પ્રોગ્રામ આખા બ્રૅમ્પટનમાં ડાઉનટાઉનના કેન્દ્રથી લઈને બધાં પાડોશમાં રહેવાસીઓને સમુદાયો, સેવાઓ અને વ્યવસાયો સાથે જોડશે.

એક જ જણની વાહન સવારીઓ ઘટાડવા અને કેટલીયે સમાજ રચના અને જાહેર આરોગ્યને લગતી સમસ્યાઓને સંબોધવા માટે સક્રિય પરિવહન, મોટામાં મોટો વણવપરાયેલ અવસર પ્રદાન કરે છે. આમ જોવા જઈએ તો વ્યાપક સક્રિય પરિવહન નેટવર્ક બનાવવાનું કાર્ય સિટી ઓફ઼ બ્રૅમ્પટન માટે ઈ-સ્કૂટર પ્રોગ્રામ એક રીત છે.

એક્ટિવ ટ્રાન્સપોર્ટેશન માસ્ટર પ્લાન (ATMP) સલામત, એકીકૃત પરિવહન પસંદગીઓ અને નવી રીતોના મોઝિયાક માટે બ્રૅમ્પટનના 2040 વિઝનને ટેકો આપવા માટે નેટવર્ક યોજના, નીતિઓ અને કાર્યક્રમો પ્રદાન કરે છે, નાગરિક સ્થિરતામાં યોગદાન આપે છે અને ચાલવા, સાયકલિંગ અને પરિવહન પર ભાર મૂકે છે.

Escooters@brampton.ca. ના માધ્યમથી સિટી નાગરિકોના અભિપ્રાયો પર દેખરેખ રાખશે. વધુ જાણકારી માટે www.brampton.ca/escooters ની મુલાકાત લો.

**મહત્ત્વપૂર્ણ લિંક્સ**

- બર્ડ માયક્રો- ઈલેક્ટ્રિક મોબિલિટી (Bird Micro-Electric Mobility):શહેરો માટે ઈલેક્ટ્રિક બાઈક્સ અને સ્કૂટરો
- ન્યુરોન મોબિલિટી (Neuron Mobility): સેફ્ટી-લિડિંગ ઈ-સ્કૂટર અને ઈ-બાઈક ઓપરેટર (rideneuron.com)
- SCOOTY | રાઈડશેરિંગ, ઈલેક્ટ્રિક સ્કૂટર્સ, ઈલેક્ટ્રિક બાઈક્સ, એસેસોરિઝ સ્ટોર (ridescooty.com)
- સિટી ઓફ બ્રૅમ્પટન સાયક્લિંગ અને ટ્રેઈલ્સનો નકશો

**સુવાક્યો**

"સુલભ અને સક્રિય પરિવહન વિકલ્પો રજૂ કરવા તે શહેરની અગ્રિમતા છે, અને અમે પાયલટ પ્રોગ્રામના માધ્યમથી આ જ રહ્યા છીએ. અમારા સહયોગીઓ સાથે કાર્ય કરતા અમે રોમાંચિત છીએ જેથી બ્રૅમ્પટનવાસીઓ અને મુલાકાતીઓ માટે અવસરોમાં વૃદ્ધિ થઈ શકે. અમે તે સ્થળો અને જગ્યાઓ સાથે લોકોને જોડી રહ્યા છીએ જે આ શહેરને અદ્ભૂત બનાવે છે અને એમ કરતા સમુદાયની ભાવના હજું મજબૂત બનાવી રહ્યા છીએ.

*- પૅટ્રિક બ્રાઉન, મેયર, સીટી ઓફ બ્રૅમ્પટન*

"SCOOTY ને તે જણાવતા આનંદ થાય છે કે અમારી ઈ-સ્કૂટરની સેવા હવે સિટી ઓફ બ્રૅમ્પટનમાં ઉપલબ્ધ છે. SCOOTYને બ્રૅમ્પટન સ્થિત માઈક્રોમોબિલિટી કંપની હોવાનું ગૌરવ છ જે ઈ-સ્કૂટર ઉદ્યોગને કૅનેડાએ આપેલો જવાબ છે. અમે 2019માં સિટી ઓફ બ્રૅમ્પટનમાં ભાગિદારી-આધારિત માઈક્રોમોબિલિટીની વિભાવના લાવ્યા હતા અને 2020માં શહેરમાં પ્રથમ પાયલટ ચલાવ્યો હતો. બ્રૅમ્પટનમાં રહેવાસીઓ અને મુલાકાતીઓ કેવી રીતે મુસાપરી કરે છે તેમાં પરિવર્તન લાવવાના અમારા લક્ષ્યને પૂર્ણ કરવા SCOOTY ફરી આવી ગયું છે. બ્રૅમ્પટનમાં આવનજાવન કરવા અંગેનું ભવિષ્ય બહુ-માર્ગીય છે અને અમે અહીં તમારા માટે તે સફરો વધુ સરળ બનાવવા માટે આવ્યા છીએ."

*- શોએબ અહમદ, SCOOTYના સ્થાપક અને CEO*

"અમે પ્રથમ વખત કૅનેડામાં બર્ડ લાવ્યા ત્યારથી અમે અનેક લોકોને ઈ-સ્કૂટરને શહેરોમાં આમતેમ ફરવા માટે એક વિશ્વસનીય, સસ્તી અને ટકાઉ રીત તરીકે વધાવી લેતા જોયા છે અને બ્રૅમ્પટન ગતિશીલ સમાજ ધરાવે છે અને અહીં શેર કરાયેલ માઈક્રોમોબિલિટી પ્રોગ્રામનો ભાગ

હોવાનું અમને ગૌરવ છે. અમે આ પ્રક્રિયા દરમિયાન બ્રૅમ્પટનના તમામ આગેવાનોના વિચારશીલ અને સહયોગી અભિગમ માટે તેમના ઋણી છીએ."

*- સ્ટિવર્ટ લ્યોન્સ, પ્રમુખ, Bird*

"અમે સિટી ઓફ બ્રૅમ્પટન સાથે સહયોગ સાધવા ઉત્સુક છીએ  જેથી સમુદાય પર સલામત, સ્માર્ટ અને ટકાઉ મુસાફરીના વિકલ્પોથી સકારાત્મક પ્રભાવ પડે. ન્યુરોન ખાતે અમારી ટોચની અગ્રિમતા સલામતી છે અને તે જ અમારી ઈ-સ્કૂટરની રચનાનો તેમ જ અમે જે રીતે તેનું પરિચાલન કરીએ છીએ તેનો પાયો છે. અમારા ઈ-સ્કૂટરો કટિંગ-એજ સલામતી ફિચરોથી ભરેલા છે અને અમે અનુભવથી જાણીએ છીએ કે અન્ય શહેરોના સવારો આ બાબતની પ્રશંસા કરે છે. શહેરમાં ઈ-સ્કૂટરો નવા હોવાથી એવી ઘણી બાબતો થશે જે પ્રથમ વખત થઈ હશે, તેથી જ સવારી કરવાના નિયમો બળવત્તર કરવા માટે અમે પર્યાપ્ત સમય લઈ રહ્યા છીએ. ભવિષ્યની સવારીઓ માટે મફત ક્રિડિટ્સ મેળવવા માટે સવારોનું અમારી ઓનલાઈન ScootSafe Academy ની મુલાકાત લેવા સ્વાગત છે. અમારે તમામ સવારોને યાદી અપાવવી છે કે ક્યારેય દારૂ પીને સવારી કરશો નહીં, જવાબદારીપૂર્ણ રીતે પાર્ક કરશો અને અમારા ઈ-સ્કૂટરો પર પૂરી પાડવામાં આવેલી હેલમેટનો હંમેશા ઉપયોગ કરશો."

*- અંકુશ કરવાલ, ન્યુરોન મોબિલિટી ખાતે કૅનેડાના માર્કેટ માટેના વડા*

-30-

**કૅનેડાના સૌથી ઝડપી વિકાસ કરતા શહેરો પૈકી એક તરીકે બ્રૅમ્પટનમાં 7,00,000 લોકો વસે છે અને તેમાં 75,000 વ્યવસાયો છે.** અમે જે કંઈ કરીએ છીએ તેનો હાર્દ છે લોકો. અમને ઊર્જા મળે છે અમારા વિવિધ સમાજોમાંથી, અમે રોકાણ માટે આકર્ષણનું કેન્દ્ર છીએ અને અમે તકનિકી અને પર્યાવરણીય નવિનતા તરફ દોરી જતી યાત્રાનું નેતૃત્વ કરીએ છીએ. અમારી ભાગીદારી એવા નિરોગી શહેરના વિકાસ માટે છે જે સુરક્ષિત, ટકાઉ , અને સફળ હોય. અમારી સાથે Twitter, Facebook, અને Instagramપર જોડાવ. વધુ જાણવા માટે www.brampton.ca

**મિડિયા સંપર્ક (MEDIA CONTACT):**
સીટી ઓફ બ્રૅમ્પટન મલ્ટિકલ્ચરલ મિડિયા
multiculturalmedia@brampton.ca